**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી તથા
## શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) પુરસ્કૃત
# મહિલા વિભાગ

મહિલા વિભાગ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષનો પ્રથમ કાર્યક્રમ ‘હાઉઝી’ સાથે શ્રી ગણેશ કરશે. આ કાર્યક્રમ શનિવાર, તા. ૧૩-૪-૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ છે.

**સમય : બપોરે ૩.૦૦ કલાક** **સ્થળ : ભારતીય વિદ્યા ભવન, ચોપાટી**

આ કાર્યક્રમના પાસની રકમ રૂા. ૧૫૦/- રાખવામાં આવેલ છે. નવા વર્ષના વાર્ષિક લવાજમની રકમ રૂા. ૨૫૦/- રાખવામાં આવેલ છે. પ્રથમ કાર્યક્રમના અને લવાજમના પૈસા એક સાથે તમે તમારા મેમ્બરશીપ કાર્ડ સાથે શનિવાર, તા. ૨૩-૩-૨૦૨૪ પહેલાં કમિટીના કોઈપણ બહેનોને આપી શકશો. આ ઉપરાંત સંસ્થાની ઓફીસ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં શનિવાર, તા. ૨૩-૩-૨૦૨૪ ના રોજ બપોરે ૩.૦૦ થી ૪.૦૦ કલાકના સમય દરમ્યાન આવીને આપી શકો છો.

**મંત્રી - અલ્પેશ ધારીઆ** **સંયોજક - અલ્પા મોદી (૯૮૧૯૭૦૩૧૩૬)**

**Dr. Aditya M. Dharia** MBBS MD DVL
**Consulting Dermatologist and Cosmetologist**

**30% Discount**

*Services Offered :*
- Psoriasis
- Vitiligo
- Acne Vulgaris
- Hairfall
- Skin Infections
- Dermatosurgery



- Prp
- Lasers
- Peels
- Wart And Skin Tag Removal
- Botox
- Fillers

**Packages for Various Treatments**
**Special packages for NRI**

**Balasinor Pragati Samaj**
Mehta House Building, Opp Bhavans, Chowpatty, Mumbai- 400004. [Thursday And Friday 6-7 Pm]
**Tooth And Tot Clinic**
Shop No 51, Panchratna Building, Ground Floor, Charni Road, Mumbai 400004 [Appointment Basis Only]
**Meesha Polyclinic**
La View 1st Floor Mahalaxmi East, Bapurao Jagtap Marg, Jacob Circle (Saat Rasta), Mumbai- 11 [Tuesday And Wednesday 6-7 Pm]

# ચામડીના રોગો

✍ ડૉ. રીટા ગાંધી

આપણા દેશમાં ચામડીના રોગનું પ્રમાણ અન્ય રોગોની સરખામણીમાં ઘણું વધારે છે અને હમણાં હમણાં તો વિરુદ્ધ આહાર અને ભેળસેળનું પ્રમાણ વધતા ચામડીના રોગનું પ્રમાણ ઉલટાનું દિન-પ્રતિદિન વધતું જ જાય છે. એ રીતે આપણાં ગામડા અને શહેરમાં સર્વે કરવામાં આવે તો કોઢ, ધાધર, ખસ-ખરજવું, કરોળિયા વગેરેનું પ્રમાણ પ્રથમ નંબરે આવે.

કારણો જોઈએ તો, કબજિયાત, ચેપ, અસ્વચ્છતા વધારે પ્રમાણમાં ખટાશ અને ગળપણનું સેવન વગેરે તો છે જ પરંતુ એથીએ અગત્યનું કારણ આર્યુવેદ, વિરુદ્ધ આહારને માને છે. દૂધ સાથે કોઈપણ ફળ, દૂધ સાથે કોઈપણ ખટાસ, દૂધ સાથે માંસાહાર, દૂધ સાથે લસણ, દૂધ સાથે પ્યાજ (ડુંગળી), મૂળા જેવા ખોરાક વગેરે વિરુદ્ધ આહાર કહેવાય અને આપણે તો માહેર છીએ આમ વિરુદ્ધ આહારનું મિશ્રણ કરીને ખાવામાં. રોજ રોજ આવતી Youtube-Facebook માં કે ટીવી ચેનલમાં આવતી આહાર માટેની નવી નવી વાનગીઓ જોઈ જોઈને બનાવવાની. આમ જોઈએ તો બે વિરુદ્ધ ગુણવાળા આહાર દ્રવ્યો હોજરીમાં એકઠા થઈ અનેક જાતનાં રોગ કરે છે. તેમાં ચામડીના રોગોનું પ્રમાણ વધારે હોય છે.

મધુર, ખાટા, ભારે ચીકણા અને પૌષ્ટિક આહાર વધારે પ્રમાણમાં અને હંમેશા (રોજ રોજ) ખાવાનું થાય તો, તેમજ ઠંડીને કારણે વધુ ઉંઘ લેવાનું અને મોડા ઉઠવાનું થાય તો શિયાળામાં પ્રાયઃ પ્રત્યેક વ્યક્તિનાં શરીરમાં કફનો સંચય થવાથી પણ સહજ રીતે કફ વધતો હોય છે. હવે આ વધેલો કફ વિકૃત થાય તો જ કફ જન્ય કેટલાક દર્દો (રોગો) થવાની શક્યતા વધી જાય તે સ્વાભાવિક છે. ચામડીનાં મોટા ભાગનાં રોગ કફ જન્ય હોય છે. જે ચામડીના રોગમાં ખંજવાળ વધુ આવતી હોય, સોજો થઈ જાય તેમજ રોગોનો રંગ લગભગ સફેદ હોય તેવા રોગો હંમેશા કફ પ્રધાન હોય છે. દુઝતું ખરજવું - ક્યારેક લોહીનાં ટશીયા ફુટતા હોય છે. દરાજ, ધોળો કોઢ, કરોળિયા, ખંજવાળ વગેરે પ્રકારનાં શિયાળામાં થતા ચામડીના રોગો ગણાવી શકાય. ઠંડી હવા, ઠંડુ પાણી, ઠંડી જમીનનો સ્પર્શ થવાથી પગે હાથે વાઢિયા પણ શિયાળામાં જ થાય છે. જેને જેને શિયાળામાં આવા રોગથી બચવું હોય તેમણે કફ કારક આહારથી બચવું જોઈએ. રાત્રે ઉંઘ ઓછી. દિવસે સદતંર નહી ઉંઘવું. શિયાળામાં ચામડીના રોગમાં સંયમ પણ ખૂબ જ જરૂરી છે. વાઢીયાના દર્દી અને સાથે ડાયાબીટીસ હોય તો હાથ પગમાં સુતરાઉ મોજા પહેરી રાખવા અને ઠંડીનો સ્પર્શ ન થવા દેવો.

પરેજી પાળ્યા વગર ચામડીના કોઈપણ રોગ મટતા નથી. વધારે પડતો ખાટો, ખારો, તીખોતમતમતો, ગળ્યો અને સહજ વધારે સ્વાદિષ્ટ ખોરાક ખાવાની આદત હોય તેમને જીવનભર ચામડીનો કોઈપણ પ્રકારનો રોગ રહેવાનો. ફ્યુસન ખોરાક-ફાસ્ટ ફુડ, કલરવાળું કોઈપણ પ્રીઝરવેટીવવાળો ખોરાક વર્જ્ય છે.

ચામડીના રોગમાં સૌથી નુકશાન કરતું હોય તો તે મીઠું અને સાકર છે.

દહીં ભારે ખાટું, કબજિયાત કરનાર અને મુખ્યત્વે અભિષ્ટદિ ગુણોથી સ્ત્રોતો ને રોકી દેનાર હોવાથી ચામડીનો રોગ વધુ વકરે છે. ટામેટા, ગોળ (ગળપણ), કેળા, ફરસાણ, મીઠાઈ વગેરેનો ત્યાગ કરીને ચામડીનાં રોગમાં ફરક લાવી શકાય છે.

સાદો, બાફેલો, કડવો લીમડો, તાંદળજો, મેથી, મેથીની ભાજી, દુધી, પરવળ, તુરીયા, ગલકા વગેરે ખાવું જોઈએ. હળદર, ધાણા જીરુ વાપરી શકો. સિંધવ મીઠું વાપરવું, પણ બહુ ઓછી માત્રામાં ચામડીનાં રોગમાં દૂધ, દૂધની બનાવટ - પનીર, ચીઝ, દહીં, છાસ, માખણ આ બધું ચામડીનાં રોગને વકરે છે. ગુમડા, ખસ, ખરજવામાં રસી કરે છે. લીલી હળદર, હળદરનો પાવડર, કારેલા, મેથી, પરવળ, કડવો લીમડો, મીઠો લીમડો આહારમાં વધારે ઉપયોગ કરવો જોઈએ.

# સંગીતની ઉત્પતિનો ઈતિહાસ

✍ કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

**(સંગીત ઈશ્વરની દવા અને દુઆ છે કારણ કે દુઆ આર્શિવાદ, શાંતિ અને આનંદ આપે છે.)**

ભારતીય શાસ્ત્રીય સંગીત આપણી ધરોહર છે. હિન્દુ શાસ્ત્રોમાં તેનો ઉલ્લેખ થયેલો છે.

આપણાં દેવ-દેવીઓને પણ કોઈને કોઈ વાદ્ય સાથે કલ્પવામાં આવ્યા છે પરંતુ એક સંગીતકારનું સંગીતશાસ્ત્ર, સ્વરજ્ઞાન અને સંગીતના પ્રદર્શનનું આગવું મહત્વ છે.

સંગીતની ઉત્પત્તિ વિશે અનેક મતો છે. તેમાં એક સામાન્ય માન્યતા પ્રમાણે સંગીતની ઉત્પત્તિ વેદોના સર્જનહાર બ્રહ્મા દ્વારા થઈ છે. બ્રહ્માએ આ કળા શિવને આપી અને શિવ દ્વારા એ સરસ્વતીને પ્રાપ્ત થઈ. તેથી જ સરસ્વતીને સંગીત અને સાહિત્યની અધિષ્ઠાત્રી કહેવામાં આવે છે. સરસ્વતી પાસેથી સંગીતનું જ્ઞાન નારદને પ્રાપ્ત થયું. નારદે સ્વર્ગના ગંધર્વો, કિન્નરો અને અપ્સરાઓને સંગીતનું શિક્ષણ આપ્યું. ત્યારથી જ ભરત અને નારદમુની સંગીતકલામાં પારંગત થઈ પૃથ્વી પર કળાના પ્રચારાર્થે અવતર્યા.

એક ગ્રંથકારના મત મુજબ, પાર્વતીની શયનમુદ્રા જોઈને ભગવાન શંકરે તેમના અંગઉપાંગોના આધારે રુદ્રવીણા બનાવી અને પોતાના પાંચ મુખમાંથી પાંચ રાગોની ઉત્પત્તિ કરી. તે પછી છઠ્ઠો રાગ પાર્વતીના મુખ દ્વારા ઉત્પન્ન થયો. ભગવાન શંકરનું પૂર્વ, ઉત્તર, દક્ષિણ અને આકાશોન્મુખ થવાથી અનુક્રમે ભૈરવ, હિંડોલ, મેઘ, દિપક અને શ્રી રાગ પ્રગટ થયા અને પાર્વતી દ્વારા કૌશિક રાગ ઉત્પન્ન થયો.

બાળક જેમ હસવું, રડવું, ચીસો પાડવી જેવી ક્રિયાઓ જાતે શીખી જાય છે તેમ સંગીતની ઉત્પત્તિ પણ એક શિશુની જેમ મનોવિજ્ઞાનના આધારે સ્વયં થઈ હોવાની તેમની માન્યતા હતી.

સંગીત દર્પણના લેખક દામોદર પંડિતે સાત સ્વરોની ઉત્પત્તિ પશુ, પંખીઓની બોલીઓ દ્વારા આ પ્રમાણે દર્શાવી છે. મોરની બોલીમાંથી ષડ્જ (સા), ચાતકવાણીથી રિષભ (રે), બકરીની ગાંધાર (ગ), કાક બોલીમાંથી મધ્યમ (મ), કોયલના કહુકથી પંચમ (પ), દેડકાની દૈવત (ધ), અને હાથી દ્વારા નિષાદ (નિ), સ્વરની ઉત્પત્તિ થઈ હોવાનું મનાય છે.

વિવિધ તબક્કામાંથી પસાર થયેલા સંગીતના આધુનિક કાળમાં ઉદ્ધાર અને પ્રચાર કરવાનું શ્રેય ઉત્તર હિન્દુસ્તાની સંગીત શૈલીમાં મહાનુભાવોએ તૈયાર કરેલી લિપિનો જ પ્રયોગ થાય છે.

આપણે ત્યાં મુખ્યત્વે ૬૪ લલિતકલાઓ સ્વીકૃતિ પામી છે. આ લલિતકલાઓનું સંગીતમાં સ્થાન સર્વોપરિ છે. કારણ કે તે ગતિશીલ છે, આનંદની અનુભૂતિ કરાવનારું છે. ભાવઅભિવ્યક્તિમાં સક્ષમ છે. મનોરંજક છે અને મોક્ષદાયી છે. સંગીત પવિત્ર, ઉદાત્ત, અનૈહિક અને પરમ શાંતિ માટેની કળા છે. પરંતુ સંગીતનો ખાસ કરીને ભારતીય શાસ્ત્રીય સંગીતનો મૂળ હેતુ માત્ર મનોરંજન નહી, પણ શ્રોતાઓને માનસિક શાંતિ આપવાનો છે. સંગીત સાંભળનાર વ્યક્તિ પોતાનું દર્દ, યાતનાઓ અને પીડાઓને ભૂલી જઈ અને સમાધીની સ્થિતીમાં પહોંચી જાય છે. આને જ સર્વોચ્ચ સંગીતનું લક્ષણ કહી શકાય. સંગીત મનુષ્ય જીવનનું અવિભાજ્ય અંગ છે. સૃષ્ટિનાં પ્રભાતથી લઈને સંધ્યાકાળ સુધી સંગીતના અસ્તિત્વનો સ્વીકાર કરવો જ પડે.

સંગીત કેવળ આનંદની અનુભૂતિ જ નથી, એ માનસિક સ્થિતિઓનું પણ એક સૂચક છે. આપણા મનોભાવોને પ્રભાવિત કરે છે. સંગીત એક ગતિ છે અને આપણી ક્રિયાઓ પણ ગત્યાત્મક હોવાથી માત્ર ધ્વનિમય રાગ-રાગિણીઓ જ આપણા મન પર દીર્ઘ અસર છોડી જાય છે. સંગીત તત્વ-મિમાંસા અને દર્શનમાંથી ઉત્પન્ન

થાય છે. જેનો સ્ત્રોત આપણું મન છે. આ ઉચ્ચતમ કલાનો અભ્યાસ અને શોખ મનુષ્યને ચિરંતન શાંતિ આપે છે. સંગીતકારોએ (શિક્ષીત) સેમિનાર, વર્કશોપ વગેરેનું આયોજન કરવું જોઈએ. સંગીતને તબક્કાવાર એટલે કે પ્રાચીન સંગીત, ધાર્મિક સંગીત, ગુજરાતનું શાસ્ત્રીય સંગીત તેમજ લોક સંગીત.

**સુર કી નદિયાં હર દિશા સે**
**બહકે સાગર મેં મિલે**

સંગીત સાંભળવું, સંગીત સમજવું અને સંગીત વિશે સર્જન કરવું એ ત્રણેમાં તાત્વિક ભેદ છે. સંગીત સમજવું સૌથી અઘરું છે, સાંભળવું સૌથી સહેલું છે.

ગીતોના અદ્ભૂત રાગોના ગાનારા કલાકારોનો અને સંગીતકારોના આપણે આભારી છીએ. જેને અવર્ણિનીય આનંદ આપ્યો છે. એ વ્યક્ત કરવાનો આ પ્રામાણિક પ્રયાસ છે.

સંગીત તો મહાસાગર છે અને આપણે તેની એક બૂંદ. સંગીતસાગરમાં જેટલી ડૂબકી મારીએ એટલા તરી જઈએ અને અમૂલ્ય મોતી લઈને પાછા આવી શકીએ એટલે કે જીંદગી એટલે આનંદ.

શુદ્ધ સ્વર અત્યંત કપરી બાબત છે અને તે પણ ફિલ્મી ગીતોમાં, તેની શુદ્ધતાની નજીક જવાનો પ્રયાસ કરી શકાય. સંગીતનું જ્ઞાન એટલું આદ્ય છે કે ગમે તેટલું શીખો ઓછું જ પડે. રસપાન કર્યા પછીય તરસ અધૂરી રહે. જ્ઞાન અપૂરતું જ લાગે, પ્રાચીન સંગીતથી લઈને અર્વાચીન સુગમ સંગીત એટલે ફિલ્મ સંગીતની ગઈકાલ અને આજ.

આપણી ધરોહર સમાન શાસ્ત્રીય અને સુગમ સંગીત યુવા વર્ગ જાણે, માણે અને ભારતીય સંસ્કૃતિનું રસપાન કરી આવકારે અને સિદ્ધ કરે.

રાગોની ખૂબસૂરતી સંદર્ભમાં કહું તો આપણે માત્ર એનું બાહ્ય સૌંદર્ય જ જોવા ટેવાયેલા છીએ. એટલે આંતરિક સુંદરતા, ઈનર બ્યુટી સુધી પહોંચવાની તસદી જ લેતા નથી. શાસ્ત્રીય રાગોને રસ અને ભાવનાની કલ્પના ન થઈ શકે. તેથી જ લોકપ્રિય ફિલ્મી સંગીતના માધ્યમ દ્વારા શાસ્ત્રીય ઓળખ મળે.

મ્યુઝિક ઈઝ ધ લેન્ગવેજ ઓફ ગોડ. સંગીત એ દેવોની ભાષા છે. સુર વિના સંગીત સુનું છે અને સંગીત વિના જીવન સુનું છે. સંગીત સાંભળવું દરેકને ગમે છે પણ ગીત ગાતી કે સાંભળથી વખતે તમે ક્યારેય વિચારો છો કે આટલું સરસ ગીત કયા રાગનું છે. આપણાં ફિલ્મી ગીતોને રાગ આધારિત કહેવા કરતાં સ્વર આધારિત કહેવા કદાચ વધુ યોગ્ય ગણાશે. આ ફિલ્મી ગીતો અને શાસ્ત્રીય રાગોને જોડતી માત્ર એક જ કડી છે અને તે છે આપણા સ્નેહસંબંધનો સેતુ. ☆☆☆


# ‘જ્યોતિપુંજ’ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
‘જ્યોતિપુંજ’ પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | | |
|---|---|---|
| ૧) | **પ્રકાશનનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| ૨) | **પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| ૩) | **મુદ્રક અને પ્રકાશકનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૪) | **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| ૫) | **તંત્રીનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૬) | **જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, બંકિમ રજનીકાન્ત પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ** **(સહી)** : બંકિમ રજનીકાન્ત પરીખ
**તા.૨૧.૩.૨૦૨૪** **પ્રકાશક : ‘‘જ્યોતિપુંજ’’**

# સત્સંગ થી થતા લાભ

✍ કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

૧. મનની શાંતિ અને આત્માનો આનંદ મળે છે.
૨. શ્રદ્ધા અને સંસ્કારિતા પ્રાપ્ત થાય છે.
૩. અડગ આત્મબળનું પ્રગટી કરણ થાય છે.
૪. જીવનમાં ભાવના અને પ્રેમતત્વનું પ્રાગટય થાય છે.
૫. આત્મસંતોષ, લોક સન્માન અને ઈશ્વરના આશીર્વાદ મળે છે.
૬. પુણ્ય પ્રાપ્તિના અધિકારી બની શકાય.
૭. વ્યક્તિમાં રચનાત્મક સકારાત્મક દ્રષ્ટિકોણનો વિકાસ થાય છે.
૮. અજ્ઞાનતાનો નાશ કરે છે.
૯. સમયનો સદ્ઉપયોગ થઈ શકે છે.
૧૦. વ્યક્તિના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે.
૧૧. સદ્બુદ્ધિમાં વધારો થાય છે.
૧૨. અહંકાર, દોષ-દુર્ગુણો, કુટેવો અને વ્યસનમાંથી ક્રમશઃ મુક્તિ મળે જ છે.
૧૩. વ્યક્તિના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે.
૧૪. સમાજમાં ગૌરવ, માન, મોભો, યશ અને પ્રતિષ્ઠા મળે છે.
૧૫. તુલનાત્મક, તર્કબદ્ધ સમજણથી સાચા ધર્મની સમજણ વિકાસ પામે છે.
૧૬. વ્યક્તિને દાનવમાંથી દેવ બની શકવાની દિશા મળે છે.
૧૭. હતાશા, નિરાશા, તણાવ, ચિંતામાંથી મુક્તિ મળે છે.
૧૮. તંદુરસ્ત આરોગ્ય અંગે સભાનતા આવે છે.
૧૯. કેટલીક સમસ્યાનું સમાધાન મળે છે.
૨૦. જીવનમાંથી જૂઠી માન્યતાઓ, અંધશ્રધ્ધા, ખોટા રીત રીવાજો, પરંપરાની જાણકારી મળે છે.
૨૧. સમાજમાં ધાર્મિક-આધ્યાત્મિક તરીકેની ઓળખ પ્રસ્થાપિત થાય છે.
૨૨. વ્યક્તિના વિચાર, વાણી, વ્યવહાર, વર્તન પવિત્ર બને છે.
૨૩. ધર્મ અને ઈશ્વર પ્રત્યે શ્રધ્ધા, આસ્થા અને વિશ્વાસ દ્રઢ બને છે.
૨૪. મૃત્યુ પ્રત્યેનો ભય ઓછો થાય છે.

**સત્સંગને સ્થાન આપી તેનો**
**લાભ ઉઠાવવાનો પુરુષાર્થ પ્રારંભીએ.**

---

## ફાગણના ફાગ

આંખ્યુંના આંજણમાં ફાગણનો કેફ અને અંબોડે કેસુડો લાલ,
રંગને સુગંધના સરવરિયે સંગ સંગ સાંવરિયા રમવાને ચાલ !



આવતા ને જાતા આ વરણાગી વાયરાએ મચાવ્યાં છે ઝાઝા તોફાન,
ભૂલીને ભાન ભંવર ભમતો ભમે છે આજ પુષ્પોના અમર તને પાન.
આંબલિયે બજવે છે કોકિલ બાંસુરિયા અંતરને ઊંડે ઉછાળ,
રંગને સુગંધના સરવરિયે સંગ સંગ સાંવરિયા રમવાને ચાલ !



લૂમઝૂમતી મંજરીની હરિયાળી મ્હેક મારી મબલખ જવાવે છે ઝંખના,
નજરું ને હેરીને જોયું જરીક, કેવા ઊડે પતંગિયા અંજપના !!
થઈને ગુલાલ આજ રંગે ધરાની ધૂળ વાયરાના રેશમી રૂમાલ,
રંગને સુગંધના સરવરિયે સંગ સંગ સાંવરિયા રમવાને ચાલ !

**- કવિ શ્રી સુરેશ દલાલની કલમે**

# છ ઋતુ જે રત્નો ની છે તે કોની કોની છે

✍ તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

**પહેલી ઋતુ** : શ્રી સ્વામિનીજીની વસંત ઋતુ જે પોખરાજની છે. જેનો રંગ પીળો છે. તે ચરણશીલા થી દંડવતી શીલા સુધીની છે.

**બીજી ઋતુ** : શ્રી લલિતાજીની ગ્રીષ્મ ઋતુ છે. જેનો રંગ લીલો છે. તે દંડવતીશીલા થી માનસી ગંગા સુધીની છે.

**ત્રીજી ઋતુ** : શ્રી વિશાખાજીની વર્ષાઋતુ છે. જે માણેકની છે. જેનો રંગ લાલ છે. તે માનસી ગંગા થી શ્રીકુંજ સુધીની છે.

**ચોથી ઋતુ** : શ્રી ચંદ્રાવલીજીની શરદ ઋતુ છે. જે શ્રીકુંજ થી ચંદ્રસરોવર સુધીની છે.

**પાંચમી ઋતુ** : શ્રી યમુનાજીની હેમંતઋતુ છે. જે ચંદ્રસરોવરથી આન્યોર સુધીની છે.

**છઠ્ઠી ઋતુ** : શ્રી ઠાકોરજીની શિશિર ઋતુ છે. જે નિલમ ની છે. જેનો રંગ નીલમણિ છે. જે ગોવિંદકુંડ થી શરદ કુંડ સુધીની છે.

## ઋતુ અને તેના ઉત્સવો

| | | | |
|---|---|---|---|
| વસંતઋતુ | ડોલ ઉત્સવ | ગ્રીષ્મ ઋતુ | ફૂલ મંડળી |
| વર્ષાઋતુ | હિંડોળા | શરદ ઋતુ | રાસ નો મનોરથ |
| હેમંત ઋતુ | કુંજવારો (લીલી અને મીનાકારી જડાવ) | ઋષિ ઋતુ | હોળી ખેલ (વસંત પંચમી) |



# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ મુંબઈ યોજીત હેલ્થ અવેરનેસ મેડિકસ કેમ્પ રવિવાર તા. ૧૮.૨.૨૦૨૪ના રોજ સવારે ઈન્ડીયન મર્ચન્ટ ચેમ્બર્સ-ચર્ચગેટ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાલાસિનોર જ્ઞાતિ સાથે સંકળાયેલા નવ ડૉક્ટરોએ સ્વેચ્છાએ પોતાની અમૂલ્ય સેવાઓ આપી છે. યમુનાષ્ટક અને દીપ પ્રાગટય સાથે આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

સમાજના સેક્રેટરી શ્રી અનિશભાઈ ગાંધીએ સમાજની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આર્થિક સહાય યોજના, આરોગ્યધામ, અતિથિગૃહ, બિઝનેસ પ્રમોશન, વ્યાજ રાહત યોજના, શિક્ષણ સહાય, રૂમ રાહત, સેવિંગ સ્કીમ, મેડિકલ રાહત યોજનાની જાણકારી આપી હતી. પ્રોગ્રામ કમિટીના કન્વીનર શ્રી કાર્તિકભાઈ કડકિઆ દ્વારા કાર્યક્રમની વિગતો જણાવવામાં આવી હતી.

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના પ્રમુખ શ્રી કિરીટભાઈ રમણલાલ ધારીઆએ, મોટી સંખ્યામાં હાજરી આપી તે બદલ સહુનો આભાર વ્યક્ત કરી સહુને આવકાર્યા હતા. આ અવસરે શ્રી કિરીટભાઈ મોદીનું મેડિકલ સુપ્રીટેન્ડન્ટ તરીકે બહોળા સમય સુધી સેવાઓ આપવા બદલ તથા દરેક ડૉક્ટોરોનું પુષ્પગુચ્છ તથા સ્મૃતિ ચિન્હથી બહુમાન કરવામાં આવ્યું હતું.

ડૉ. ભાવિક સાંઘલાણીએ ડાયાબિટીસના રોગથી વાકેફ રહેવા અને તે માટે કઈ રીતે સંભાળપૂર્વક રહેવા માટેની માહિતી આપી હતી. ડૉ. રાજેશ ધારીઆ, ડૉ. અતીત ધારીઆ, ડૉ. રિદ્ધિ શાહ-ધારીઆ, ડૉ. આકાશ ઉમેશ તિવારી, ડૉ. દેવાંશ કેતન ધારીઆ, ડૉ. પ્રિયંકા એન્જિનિયર, ડૉ. આદિત્ય મિતેશ ધારીઆ, ડૉ. શશિ ધારીઆ આ સૌ ડૉક્ટરોએ શરીર કઈ રીતે આ રોગથી ગ્રસ્ત થાય છે અને શરીરના કયા કયા અંગો પર તેની અસર થાય છે તેની વિગતવાર માહિતી આપીને વિસ્તૃત છણાવટ કરી હતી. તેનાથી બચવાના વિસ્તૃત ઉપાયો પણ જણાવ્યા હતા. આ અવેરનેસ કેમ્પ દ્વારા શારીરિક રોગોના વિષયની માહિતી અપાઈ.

માનસિક રોગો માટે પ્રતિક્રમા-ભાગ ૪ મેળવવાનું જણાવવામાં આવ્યું હતું. જે શ્રી કીરીટભાઈ ધારીઆ દ્વારા લિખીત સંગીત અને મ્યુઝિક થેરેપી ઉપર લખાયેલી છે. સંગીત થેરેપીને ઉપયોગમાં લેવાની માહિતી આપી હતી. જ્યારે ધ્રુવી સંપટ દ્વારા સાઉન્ડ થેરેપી ઉપર ઉપયોગી ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉક્ટરો દ્વારા એક કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં હાજર રહેલા સભ્યોના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપવામાં આવ્યાં હતાં.

અંતમાં સમાજના સેક્રેટરી શ્રી અનિશભાઈએ સૌનો આભાર તેમજ ઉપસ્થિત મહેમાનો તેમજ જ્ઞાતિજનોનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રીમતી રાશિ મોદીએ કર્યું હતું. અંતમાં સહુ સભ્યોએ સ્વાદિષ્ટ ભોજનનો લાભ લીધો. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમ શ્રી જયકુમાર મોહનલાલ મહેતાના કુટુંબ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. સંસ્થા તેમના આભારી છે.

| મંત્રીઓ | સંયોજક | પ્રમુખ |
|---|---|---|
| **શ્રી અનીશ ગાંધી / શ્રી સમીર શાહ / શ્રી સમીર ધારીઆ** | **શ્રી કાર્તિક કડકીઆ** | **શ્રી કીરીટ ધારીઆ** |

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## અનુકરણીય દાન

સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

| ક્રમાંક | નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી) | ૨૫,૦૦૦/- |
| ૨. | શ્રીમતી દિપીકા રાજુલ પરીખ (લાય) | ૨૫,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતિ - અનિશ ગાંધી, સમીર શાહ, સમીર ધારીઆ - માનદ્ મંત્રીઓ**

## ✣ ઉષ્મા ભરી આશા ✣


અંતરના એક એક બુંદમાં ફૂલ શહિદ થયેલા જોયા, નાનકડા એક એક બીજમાં વડલા કાંઈક સૂતેલા જોયા.

નેહ નીતરતી નાની આંખે સુંદરતાના મેળા જોયા., કટુવેણની એકજ ઠેસે દિલના કામ તૂટેલા જોયા.

બુઝદીલના 'કો' લુખ્ખા હાસ્યે આંસૂ લાખ થીજેલા જોયા, આશા તણા 'કો' કાયા દોરે જીવતર કંઈક ઝુકેલા જોયા,

આશા તજી અવધૂત બનેલા મસ્ત ફકીરો વીરલા જોયા.


(સંકલન)


Eye Specialist

**Dr. Mukti Shah**

MBBS, DNB, FICOphthalmology (London, U.K.), FMR



**Complete Advanced Eye Care**

**Treatments We offer :**

- Advanced Cataract Surgery (Phaco)
- Lasik, PRK
- Medical Retina Treatment
- Diabetic / Hypertensive Retinopathy Treatment
- Retinal Injections
- Retinal Lasers
- ROP Screening and Lasers
- Dry Eye disease Management
- Glaucoma Evalution



**Clinic Timings**
*Monday to Saturday*
10 a.m. to 1 p.m.
5 p.m. to 8 p.m.

***For appointments***
**call us on 96533 92265**

*-: Address :-*
**Healer's Clinic**
Office No. 3, 1st Floor, Almas House,
Millat Nagar External Road,
Opp. Gate No. 2, Near Oh My Dogs Cafe,
Oshiwara, Andheri (West), Mumbai - 400 053

# બાલાસિનોર વિધા મંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતા પરિવાર તરફથી મળ્યું છે.

૧. શ્રીમતી ભૂમિકાબેન ચીરાગભાઈ પારેખ પરિવાર તરફથી રૂા. ૧૧,૦૦૦/- (અંકે અગિયાર હજાર પૂરા) નું માતબર દાન મળ્યું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લી. બાલાસિનોર વિધામંડળ**
**કારોબારી સમિતી વતી**

# લાગણીના સંબંધો

✍ **શિરીષભાઈ પરીખ (ચા ગરમ)**

મુંઝાય છે શું મનમાં...,
સમય જતાં વાર નથી લાગતી
રહી જશે મનની મનમાં...
એ વાત આજે સાચી નથી લાગતી ?
કોને ખબર છે ?.....
કાંકરાને રેતીમાં બદલાતા વાર નથી લાગતી
ક્ષિતિજને જોવું જ્યારે....
સૂર્યાસ્તને સાંજ થતા વાર નથી લાગતી.
વીજળીના ટંકારા પછી....
વાદળાને વરસાદ થતા વાર નથી લાગતી
વેરઝેર મનમાંથી કાઢી પ્રેમથી જીવી લેજો
હૃદયને બંધ થવામાં વાર લાગતી નથી.

**TOOTH & TOT** **25% Discount**
**DENTAL STUDIO AND PAEDIATRIC CLINIC**

**Dr. Rashi Dharia**
**B.D.S. (GDC MUM)**
**Cosmetic Dentist and Implantologist**

**Services Offered :**
✧ Dental Checkup with Intra-Oral Cahera
✧ Implants
✧ Single Sitting Root Canal
✧ Zoom Teeth Whitening
✧ Dental Jewellery
✧ Braces
✧ Dentures
✧ Smile Rehabilitation and Aesthetics
✧ Preventive Paediatric care
✧ Surgical Extraction

**Dr. Devansh Dharia**
**M.D. Paediatric (MUM)** (Special Packages for N.R.I.)
**Cosultant Paediatrician and Neonatologist at Shri H.N. Reliance Foundation Hospital**

**Services Offered :**
✧ Complete Immunisation with Packages
✧ Well Baby Clinic
✧ Paediatric Growth + Development Assessment
✧ Infectious Diseases
✧ Child Allergies and Skin Problems
✧ Speech and Language

Shop No.51, Panchratna Building, Ground Floor, Next to Popley Jewellers,
Charni Road (East), Mumbai - 400004 - Timing : Monday to Saturday - 10.00 a.m. to 08.00 p.m.
*Sunday by Appointment*
**For Appointment Contact No. 9619674227 / 9833556905**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જાન્યુઆરી ૨૦૨૪ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફિઝિયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૫૩૫૬ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૩૪૮ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૩૯૯ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના ૦૩ મેજર ઓપરેશન તેમજ માઈનોર ઓપરેશન ૦૩, ગાયનેકના મેજર ઓપરેશન ૧૯ તથા માયનોર ઓપરેશન ૦૩ તથા ઈ.એન.ટી. માયનોર ઓપરેશન ૨૬, તેમજ આંખના મેજર ઓપરેશન ૨૪૬ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૮૯૭૫૪૬/- તેમજ ઈનડોરમાં રૂા. ૬૩૯૪૫/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૫૪૨૭૦/-ની માફી મળીને કુલ રૂા. ૧૦૧૫૭૬૧/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ**

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૧૯.૦૧.૨૦૨૪ ના રોજ ૫૬ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ :** તા. ૦૪.૦૧.૨૦૨૪ ના રોજ ૩૭ દર્દીઓના તથા તા. ૧૮.૦૧.૨૦૨૪ ના રોજ ૪૮ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

૩. **શ્રીમતી તરૂલત્તાબેન મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વ રોગ નિદાન કેમ્પ :** આ કેમ્પમાં ગેસ્ટ્રોલોજીના ૨૫, ઓર્થોપેડીકના ૩૦, ફીજીશીયનના ૫૩, સ્કીનના ૭૪, આઈ વિભાગના ૮૬, ગાયનેકના ૧૧, માનસિકના ૪૧, ઈ.એન.ટી. ના ૩૯ અને યુરોલોજીના ૦૬ મળીને કુલ ૩૬૫ દર્દીઓએ લાભ લીધેલ છે. આ કેમ્પમાં કુલ રૂા. ૧૨૫૦૩૦/- ની માફી કરવામાં આવેલ. આ કેમ્પમાં વિવિધ વિભાગોના ડૉક્ટરોએ સેવાઓ આપેલ છે.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે જાન્યુઆરી ૨૦૨૪ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી યુરોલોજી તથા ગેસ્ટ્રોલોજી તેમજ બાળ વિભાગનાં મળી કુલ ૨૦૬૫ દર્દીઓએ તથા ઈનડોર માં ૧૩૮ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૫૧૯ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૧૫૦ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૬૬ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ ૨૪૯ ઈ.સી.જી. કાઢવામાં આવેલ છે. તેમજ રૂા. ૬૫૨૬/- ની દવાની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૨૦૦૦/- ની માફી કરવામાં આવેલ છે. ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૫૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

**કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ મળેલ /નોંધાયેલા દાન**

૧. **શ્રી શશીકાંતભાઈ સાંકરલાલ શાહ (નાણાવટી) અને** **રૂા. ૫ લાખ**
**શ્રીમતી અનસુયાબેન શશીકાંતભાઈ શાહ (હાડકાના રોગોનો કેમ્પના નામકરણ માટે )**

૨. **શ્રીમતી સાવિત્રીબેન જયંતિલાલ કડકીઆ (મરઘા)** **રૂા. ૫ લાખ**

**હ. નિલેશ જયંતીલાલ કડકીઆ (નર્સીંગ કોલેજની એક વિંગના નામકરણ માટે)**

૩. **શ્રીમતી શેમીલા તથા શ્રી શરદ નટવરલાલ દેસાઈની સ્મૃતિમાં** **રૂા. ૫ લાખ**

**હ. શીવાની તથા સમીત (નર્સીંગ કોલેજની એક વિંગના નામકરણ માટે)**

## દાતાશ્રીઓનો સન્માન સમારંભ

હોસ્પિટલમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે ટ્રસ્ટને સખાવતી દાન આપનાર દાતાશ્રીઓનો સન્માન સમારંભ આગામી તા. ૧૭-૦૩-૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૯.૩૦ કલાકે કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. તો સર્વે બાલાસિનોરવાસીઓ તેમજ ટ્રસ્ટીઓએ તેમજ દાતાશ્રીઓએ આ કાર્યક્રમની સફળતામાં સહભાગી થવા હાજર રહેવા જાહેર અપીલ છે.

**ખાસ નોંધ :** (૧) કે.એમ. જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના સરનામા તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા ઈમેલ આઈડી ઉપર તથા મોબોઈલ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭, Email : nitinkmg@gmail.com**

**શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૧૦૨૪૩૯૯, Email : pparikh58@gmail.com**

**શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૦૦૪૯૧૩૪, Email :sujatient@gmail.com**


**શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ નર્સીંગ કોલેજ :** કે.એમ.જી. હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્ષ (૨૦ સીટો) તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની (૨૦ સીટો) થી ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ સને ૨૦૨૦-૨૦૨૧ ના વરસથી ચાલુ થઈ ગયેલ હતા. હવે ૨૦૨૩-૨૦૨૪ ના વરસમાં સરકાર શ્રી તરફથી બી.એસ.સી. નર્સિંગ કોલેજની વધુ ૩૦ સીટોની માન્યતા મળતા કુલ ૫૦ સીટોની માન્યતા થયેલ છે. જ્યારે જી.એન.એમ. નર્સીંગ કોલેજમાં ચાલુ વરસે કુલ ૪૦ સીટોની માન્યતા મળેલ છે. નર્સીંગ કોલેજના મકાનનું બાંધકામ ચાલુ થઈ ગયેલ છે.

જ્યોતિપુંજના માહે નવેમ્બર - ૨૦૨૨ ના અંકમાં નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી દાતાશ્રીઓને યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી. સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/-** નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી. **કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત)(જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**

**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**



**(મૂડેતી - અમદાવાદ)**



જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત, ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ, નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન, વેદોક્ત પુરાણોક્ત, શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન સંતોષપૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

**Email : bhattgopal59@gmail.com**


# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **શ્રીમતી દર્શના દિલીપ પરીખ (સાડીવાળા)**
  ૨૦૦૩ ઈલ સીગ્નોરા, ૨૦મે માળે,
  ન્યુ લીંક રોડ, આદર્શ નગર, ઓશીવારા,
  અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૩
- **શ્રી બિપીન ગોકલદાસ ગાંધી**
  ક્રિષ્વી હાઈટસ્, ફ્લેટ નંબર - ૨૧૦૪,
  ૨૧ મા માળે, ૨૦૩/૨૨૩ વી.પી. રોડ,
  પ્રાર્થના સમાજ, ગીરગાંવ, મુંબઈ - ૪૦૦૦૦૪
- **શ્રી ભરતભાઈ કે. કડકીઆ**
  ફ્લેટ નં-૪૦૨, જેવીઆર બંજારા એવન્યુ એપાર્ટમેન્ટ,
  ગ્રીન વેલી, બંજારા હિલ્સ, હૈદ્રાબાદ,
  તેલંગાણા - ૫૦૦૦૩૪

## મૃત્યુ નોંધ

| | ઉં.વ. |
|---|---|
| ઉર્મિલાબેન નવનીતલાલ દેસાઈ | ૯૦ |
| પંકજભાઈ કીર્તનલાલ ગાંધી (પાકા) | .... |
| અસીત પરીખ | ૬૪ |
| મીના સુધીર ધારીઆ | ૭૬ |
| અરવિંદભાઈ ઓચ્છવલાલ મોદી | ૭૯ |
| નવનીતલાલ સાકરલાલ પરીખ (તાતિયા) | ૯૮ |
| કરિશ્મા (માતાનું નામ ગીતાબેન રાજેન્દ્ર કડકીઆ, લંડન) | ૪૬ |


**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## રત્નકણિકા

★ નિષ્ઠાથી બજાવેલી ફરજ, પ્રાર્થના બની જાય છે.

★ જો જીવનને સમજવું જ હોય તો પાછળ જુવો... અને
જો જીવનને માણવું જ હોય તો હંમેશા આગળ જુવો.

★ ઉંમરથી સન્માન જરૂર મળે, પણ....
આદર તો વ્યવહારથી જ મળે.




Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month
40
WPP License No. MR/TECH/WPP-147/South/2024-26
Regd.No.MCS / 050 / 2024-26
JYOTI PUNJ - March - 2024
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES®

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO
ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.